## તંત્રી સ્થાનેથી......

ઉનાળાની બપોરે ઘરની બહાર નીકળતા પહેલા શું તમે જરૂરી તકેદારી રાખો છો.? આ સમયે શું તમે ગોગલ્સ, ટોપી પહેરો છો કે રૂમાલ બાંધો છો?. 'લૂ લાગવી 'એ ઉનાળામાંથતી ગંભીર સ્વાસ્થ્ય સમસ્યા છે. જે માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખાસ વોર્ડ તૈયાર કરાયો છે. જેમાં લૂનાં લક્ષણ ધરાવતા દર્દીઓને નિદાન અને સારવાર આપવામાં છે. આપણું શરીર અમુક સમય સુધી સૂર્યનાં આકરાં તાપના સંપર્કમાં રહે (ખાસ કરીને બપોરે) ત્યારે લૂની સમસ્યા સર્જાય છે, પરંતુ જરૂરી સાવધાની રાખીને લૂ થી બચી શકાય છે. આ બાબતે રાજકોટ સિવિલ હોસ્પિટલના તબીબી અધિકારી, ડોક્ટર એમ.એસ.રોયે જણાવ્યું છે કે, છેલ્લાં ઘણા દિવસોથી તડકાનું પ્રમાણ વધારે છે. જેથી લોકોએ બપોરના સમયે જરૂરિયાત હોય તો જ ઘરની બહાર નીકળવા અપીલ કરી હતી. લૂ થી બચવા સાવધાની એ જ સુરક્ષા છે. હીટવેવની અસરથી રક્ષણ મેળવવા અમુક તકેદારી જરૂરી છે. ડોક્ટર રોયે જણાવ્યું કે, બાળકો, સગર્ભા મહિલાઓ તથા વૃદ્ધોએ ખાસ તકેદારી રાખવી જોઈએ. દિવસ દરમિયાન પાણી, છાશ, લીંબુ પાણી જેવા પ્રવાહી વધુ માત્રામાં લેવા જેથી લૂ ની અસર ઓછી થાય. બપોરે ઘરની બહાર નીકળતા પહેલા આખી બાંયનાં કપડાં પહેરવા, માથું અને મોઢું ઢાંકીને રાખવું. જો કોઈ વ્યક્તિને ચક્કર આવવા, વધુ પરસેવો થવો, માથું ભારે લાગવું, બેભાન થવાની સ્થિતિ જોવા મળે તો સિવિલ હોસ્પિટલમાં ૨૪ કલાક ઈમરજન્સી સેવા પણ શરૂ છે, તેનો લાભ લેવો. આ સ્થિતિ માટે ત્યાં ૨૦ બેડનો વોર્ડ તૈયાર કરાયો છે, જેમાં ડૉક્ટર અને નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફ અલગથી સેવા માટે કાર્યરત છે. વોર્ડમાં નિદાન અને સારવાર ઉપરાંત દવાઓનો પૂરતો સ્ટોક પણ રખાયો છે. કોઈ દર્દી કે તેમના પરિવારજનોને તકલીફ ન પડે તે માટે સ્પેશિયલ સુવિધા ઉભી કરાઈ છે. જો કોઇ વ્યક્તિને લૂ ની અસર જણાય, તો તાત્કાલિક સિવિલ હોસ્પિટલનાં ઈમરજન્સીમાં સારવાર કરાવી શકે છે, તેમ તેમણે ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ સહિતનાં શહેરોમાં છેલ્લા ઘણા દિવસોથી તાપમાન ઊંચુ જોવા મળે છે. ત્યારે સરકાર દ્વારા લોકોને જરૂરી તકેદારી રાખવા અપીલ કરવામાં આવી રહી છે.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની સાદગીની સફર

## રાજ્યપાલશ્રીએ અમદાવાદથી વડોદરા સુધી ટ્રેન, વડોદરાથી હાલોલ સુધી એસ.ટી. બસમાં મુસાફરી કરી







**જ્યા સુધી ઇંધણનું સંકટ સમાપ્ત ન થાય, ત્યાં સુધી ગુજરાતમા કોઇ પણ હવાઇયાત્રા કરીશ નહીં- રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી**

કમલમ્,

પંચમહાલ જિલ્લાના બે દિવસીય પ્રવાસ અર્થે હાલોલ પહોંચવા માટે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સામાન્ય નાગરિકની જેમ આજે અમદાવાદ રેલવે સ્ટેશનથી વડોદરા સુધી ટ્રેન તથા વડોદરાથી હાલોલ સુધી એસ.ટી. બસમાં મુસાફરી કરી હતી. ત્યારબાદ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન વિશ્વવિદ્યાલયના કાર્યક્રમમાં સાઈકલ ચલાવીને પહોંચ્યા હતા. આ પ્રસંગે તેમની સાથે ધારાસભ્ય શ્રી જયદ્રથસિંહ પરમાર, યુનિવર્સિટીના કુલપતિ ડૉ. સી.કે. ટીંબડિયા તેમજ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ તકે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, જ્યાં સુધી દેશમાં પેટ્રોલિયમની સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી રાજ્યના પ્રવાસો માટે હેલિકોપ્ટર કે હવાઈ મુસાફરીને બદલે ટ્રેન, એસ.ટી. બસ અને જાહેર પરિવહનનો ઉપયોગ કરવાનો મેં નિર્ણય લીધો છે. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે, રાજ્યની તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓને નિર્દેશ આપ્યા છે કે તેઓ પોતાની યુનિવર્સિટીમાં સપ્તાહમાં ઓછામાં ઓછો એક દિવસ 'કમ્બશન એન્જિન મુક્ત' દિવસ તરીકે ઉજવે. તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓ પેટ્રોલ-ડીઝલ વાહનોને બદલે સાયકલ, ઈલેક્ટ્રિક વાહન અથવા જાહેર પરિવહનને પ્રાથમિકતા આપે. જે અન્વયે આજે હું બસ સ્ટોપથી સાયકલ ચલાવીને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન વિશ્વવિદ્યાલયના કાર્યક્રમમાં પહોંચ્યો છું. રાજ્યપાલશ્રીએ નાગરિકોને પણ જાહેર પરિવહન સેવાઓનો વધુમાં વધુ ઉપયોગ પ્રધાનમંત્રીશ્રીના ઈંધણ બચતના આહવાનમાં સહભાગી થવા અપીલ કરી હતી.

# રાજપીપલા નગરપાલિકામાં નવી ટીમને જવાબદારી, શહેર વિકાસ માટે નવી આશાઓ




કમલમ્, રાજપીપલા

રાજપીપલા નગરપાલિકામાં નવી નિમણૂકો જાહેર થતા શહેરના રાજકીય તેમજ સામાજિક વર્તુળોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. નગરપાલિકા પ્રમુખ તરીકે શ્રીમતી શિવાનીબેન મહેતા, ઉપપ્રમુખ તરીકે શ્રી ઉત્કર્ષભાઈ (રાહુલ) વસાવા, કારોબારી ચેરમેન તરીકે શ્રી કુલદીપસિંહ ગોહિલ, પ્રક્ષનેતા તરીકે શ્રી પ્રગ્નેશભાઈ રામી તેમજ દંડક તરીકે શ્રી અમિતભાઈ સોલંકીની વરણી કરવામાં આવી છે. આ તમામ આગેવાનોને કાર્યકરો, શહેરજનો તેમજ શુભેચ્છકોએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવી શહેરના સર્વાંગી વિકાસ, પારદર્શક વહીવટ અને જનસેવાના કાર્યોમાં સફળ કાર્યકાળ માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી. "સૌના સહકારથી રાજપીપલાના વિકાસને નવી દિશા મળશે" એવી આશા સાથે નવી ટીમ પ્રત્યે વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# સત્તાવાર પોર્ટલ પર સ્વયંભૂ માહિતી ભરી નાગરિકોને સક્રિય ભાગીદારી નોંધાવવા અપીલ કરતા ધારાસભ્યશ્રી રમેશભાઈ મિસ્ત્રી

## વસ્તી ગણતરી એ લોકકલ્યાણ અને વિકાસ માટેનું મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કાર્ય - ઇ.ચા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી





કમલમ્, ભરૂચ

ભારતની વસ્તી ગણતરી ૨૦૨૭ અંતર્ગત ભરૂચ જિલ્લાના નાગરિકોને પ્રેરણા પૂરી પાડતા, ભરૂચના ધારાસભ્યશ્રી રમેશભાઈ મિસ્ત્રી અને ઇ.ચા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ સ્વયંભૂ રીતે નિયત સત્તાવાર પોર્ટલ https://se.census.gov.in પર જઈને પોતાની જરૂરી તમામ વિગતો ભરીને સ્વ-ગણતરી (Self-Enumeration) કરી આ રાષ્ટ્રીય કાર્યમાં પોતાનું યોગદાન આપ્યું હતું. આ પ્રસંગે ભરૂચ જિલ્લાના તમામ નાગરિકોને અપીલ કરતાં ધારાસભ્યશ્રી રમેશભાઈ મિસ્ત્રીએ જણાવ્યું કે, વસ્તી ગણતરી એ એક અત્યંત મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કાર્ય છે. જેનો મુખ્ય આશય સરકારની લોકકલ્યાણની વિવિધ યોજનાઓનું સચોટ અમલીકરણ, શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને ભવિષ્યના વિકાસ કાર્યો તેમજ પાયાની આધારભૂત સુવિધાઓના આયોજનને સુનિશ્ચિત કરવાનો છે. ઈ.ચા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પાર્થ જયસ્વાલે વધુમાં માહિતી આપતા કહ્યું કે, સમગ્ર ભરૂચ જિલ્લામાં વસ્તી ગણતરી માટેની આ સ્વ-ગણતરી પ્રક્રિયા તા. ૧૭ થી ૩૧ મે, ૨૦૨૬ દરમિયાન ઓનલાઈન માધ્યમથી હાથ ધરાશે. આ સમયગાળા દરમિયાન જિલ્લાના તમામ નાગરિકો પોતાના મોબાઈલ ફોન, ટેબલેટ અથવા કોમ્પ્યુટર દ્વારા ઓનલાઈન પોર્ટલ પર જઈને પોતાની સાચી અને સંપૂર્ણ માહિતી આપી આ મહા-જનગણનામાં પોતાની સક્રિય ભાગીદારી નોંધાવે તે અત્યંત આવશ્યક છે. કોઈપણ પ્રશ્ન કે મૂંઝવણ માટે નાગરિકો સરકારના ટોલ ફ્રી નંબર ૧૮૫૫નો ઉપયોગ કરી શકે છે. આ ઉપરાંત સરકારશ્રી દ્વારા જાહેર જનતાની સુવિધા માટે સત્તાવાર પોર્ટલનું સ્કેનર પણ બનાવેલ છે. જે સ્કેન કરવાથી વેબસાઈટ ખુલશે. નોંધનીય છે કે, તા. ૧ જૂન થી તા. ૩૦ જૂન, ૨૦૨૬ દરમિયાન વસ્તી ગણતરીના સત્તાવાર કર્મચારીઓ (ગણતરીદાર) દ્વારા ઘરે-ઘર જઈને ઘરયાદી ગણતરીની માહિતી એકત્રિત કરવામાં આવશે. જે નાગરિકોએ ઓનલાઈન સ્વ-ગણતરી પૂર્ણ કરી લીધી છે, તેઓએ પોતાના મોબાઈલમાં જનરેટ થયેલો 'Self -Enumeration ID' (SE ID) સાચવી રાખવાનો રહેશે અને જ્યારે ગણતરીદાર તેમના ઘરે આવે ત્યારે આ ID તેમની સાથે શેર કરવાનો રહેશે. ભરૂચ જિલ્લામાં આ સમગ્ર પ્રક્રિયાના સુચારુ સંચાલન માટે ૧૮ ચાર્જ અધિકારીઓની પણ નિમણૂંક કરી દેવામાં આવી છે.

# લોકભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ની ઉપસ્થિતિમાં 'ટીબી મુક્ત ભારત અભિયાન'ની સમીક્ષા બેઠક યોજાઈ

**૪૨ કિલોથી ઓછું વજન ધરાવતા પુખ્ત દર્દીઓ અને ૧૪ વર્ષથી નાના તમામ બાળકોને ૬ મહિના સુધી "રેડી ટુ ઇટ ન્યુટ્રીશન સ્નેક્સ" અપાશે**



કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દેશને સંપૂર્ણપણે ટીબી મુક્ત બનાવવાના સંકલ્પને સાકાર કરવા ગુજરાત સરકાર કટિબદ્ધ છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં આજે લોકભવન ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઉચ્ચ અધિકારીઓની એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યમાં 'ટીબી મુક્ત ભારત અભિયાન' અંતર્ગત થઈ રહેલી કામગીરીની સઘન સમીક્ષા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, ગુજરાતને ક્ષયમુક્ત કરવા માટે આ અભિયાનને એક વ્યાપક જન-આંદોલનનું સ્વરૂપ આપવું જરૂરી છે. તેમણે અધિકારીઓને ક્ષય નિયંત્રણની કામગીરીમાં સહેજપણ ઢીલાશ ન રાખવા અને લોકોમાં મહત્તમ જાગૃતિ ફેલાવવા તાકીદ કરી હતી. આ ઉપરાંત ટી.બી.ના દર્દીઓને નશામુક્તિ અંગે જાગૃત કરવા જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્પષ્ટ સૂચના આપી હતી કે, ટીબીના પ્રત્યેક દર્દી સુધી સમયસર અને શ્રેષ્ઠ સારવાર પહોંચે તેવી સચોટ વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવે. બેઠકમાં રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રી સમક્ષ આરોગ્ય વિભાગ દ્વારા આગામી સમયના લક્ષ્યાંકો રજૂ કરવામાં આવ્યા હતા. ગુજરાતમાં ટીબીનું સંપૂર્ણ નિદાન અને સારવાર તમામ સબ-સેન્ટર અને સરકારી હૉસ્પિટલોમાં વિનામૂલ્યે ઉપલબ્ધ છે. હાલમાં રાજ્યમાં ૨,૩૫૧ માઈક્રોસ્કોપી સેન્ટર, ૩ અત્યાધુનિક ટીબી કલ્ચર લેબોરેટરી, 74 CBNAAT મશીનો અને 386 TrueNAT મશીનો કાર્યરત છે. વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન રાજ્યના પ્રત્યેક તાલુકા અને વધુ ભારણ ધરાવતા જિલ્લાઓ માટે નવા 100 TrueNAT મશીનો ખરીદવામાં આવશે, જેથી ૧૦૦% અપફ્રન્ટ NAAT ટેસ્ટિંગ સુનિશ્ચિત થાય. ઘર-ઘર જઈને સંભવિત ટીબી દર્દીઓની તપાસ કરવા માટે વધારાના ૩૩૩ પોર્ટેબલ હેન્ડ-હેલ્ડ એક્સ-રે મશીનો વસાવવામાં આવશે. આ ઉપરાંત ૪૨ કિલોથી ઓછું વજન ધરાવતા પુખ્ત દર્દીઓ અને ૧૪ વર્ષથી નાના તમામ બાળકોને ૬ મહિના સુધી 'રેડી ટુ ઈટ ન્યુટ્રીશન સ્નેક્સ' અપાશે. આ સમીક્ષા બેઠકમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપનો, રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ શ્રી અશોક શર્મા, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે, તેમજ આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૨૦ મે, વિશ્વ મધમાખી દિવસ: ઝાલાવાડમાં 'મીઠી ક્રાંતિ'નો ઉદય

## ઝાલાવાડમાં ગુંજી 'મીઠી ક્રાંતિ'ની મહેક; ગાંજણવાવના ખેડૂત શ્રી ભરતભાઈએ મધ ઉત્પાદન થકી સર્જ્યો સફળતાનો 'મધુર' ઇતિહાસ









## વડાપ્રધાનશ્રીના એક વિચારથી પ્રેરિત થઈ ભરતભાઈએ કંડારી આર્થિક સમૃદ્ધિની નવી કેડી

કમલમ્, સુરેન્દ્રનગર

"પરંપરાગત ખેતીમાં કાળી મજૂરી અને આવક સાવ મર્યાદિત હતી, જેના કારણે મારા પર દેવાનો બોજ સતત વધતો જતો હતો. આવા કપરા સમયમાં વડાપ્રધાનશ્રીના એક વીડિયોએ મારા જીવનમાં આશાનંવ નવું કિરણ જગાડ્યું હતું."આ લાગણીભીના શબ્દો છે સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના ગાંજણવાવ ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી ભરતભાઈ ડેડાણીયાના. ભરતભાઈએ સુરેન્દ્રનગર જિલ્લામાં સૌપ્રથમ મધમાખી ઉછેર કેન્દ્ર શરૂ કરી ઝાલાવાડમાં 'મીઠી ક્રાંતિ'ની સુવાસ ફેલાવી છે. 'જાર, જીરું અને કપા, બાકી બધા ગપા' જેવી રૂઢિચુસ્ત માનસિકતા અને ખેતીની મર્યાદિત તકો વચ્ચે માત્ર ૧૦ પાસ ભરતભાઈનું ચીલાચાલુ ખેતી છોડીને મધમાખી ઉછેર કરવાનું સાહસ કોઈ દિવાસ્વપ્નથી કમ નહોતું. ભરતભાઈએ આ તમામ મર્યાદાઓ અને રૂઢિચુસ્ત માનસિકતાઓ તોડી પોતાની સખત મહેનતથી ઝાલાવાડ વિસ્તારમાં મધમાખી પાલન દ્વારા આર્થિક સમૃદ્ધિની નવી કેડી કંડારી છે અને અન્ય ખેડૂતો માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે. વધુમાં ભરતભાઈએ જણાવ્યું હતું કે, તેમણે અમદાવાદના ખાદી ગ્રામઉદ્યોગમાંથી વિધિવત તાલીમ મેળવીને માત્ર ૫૦ પેટીઓથી શરૂઆત કરી હતી. આજે સાત વર્ષના અથાક પરિશ્રમ બાદ પાંચ એકર જમીનમાં "શ્રી રામરસ હની" ફાર્મ ૬૦૦ પેટીઓના ઉત્પાદન સાથે આગળ વધી રહ્યું છે. મધમાખી ઉછેર હવે તેમના માટે માત્ર એક વ્યવસાય નથી રહ્યો, પણ તેમની આત્મનિર્ભરતા અને ગૌરવનો પાયો બની ગયો છે, જેણે તેમનું આખું ભાગ્ય બદલી નાખ્યું છે. ભરતભાઈની આ સફળતા પાછળ તેમની વૈજ્ઞાનિક અને પર્યાવરણલક્ષી કાર્યપદ્ધતિ રહેલી છે. ગુણવત્તાયુક્ત મધ મેળવવા માટે તેઓ મધમાખીની પેટીઓ માત્ર એવી જ જગ્યાએ રાખે છે જ્યાં સંપૂર્ણ ઓર્ગેનિક ખેતી થતી હોય અને જંતુનાશક દવાઓનો ઉપયોગ નહિવત્ હોય. તેઓ પોતાના ફાર્મ પરથી તલનું મધ મેળવે છે, જ્યારે વરિયાળીના મધ માટે સુરેન્દ્રનગરના ખોડુ ગામની આસપાસના ખેતરોમાં અને અજમાના મધ માટે જામનગર જિલ્લાના જામદુધઈ તેમજ આમરણ વિસ્તારોમાં પેટીઓ સ્થળાંતરિત કરે છે. શ્રેષ્ઠ વાતાવરણની પસંદગી કરવા માટે ભરતભાઈ જાતે જ બાઈક પર બારીકાઈથી સર્વે કરે છે, જે તેમના કામ પ્રત્યેની નિષ્ઠા દર્શાવે છે. કોઈપણ સાહસને વટવૃક્ષ બનાવવા માટે યોગ્ય આર્થિક પીઠબળ અને જરૂરી માર્ગદર્શન અનિવાર્ય હોય છે. આ દિશામાં ભરતભાઈને સરકારની વિવિધ યોજનાઓનો બખૂબી સાથ મળ્યો છે. PMEGP યોજના અંતર્ગત તેમને રૂ. ૮ લાખની લોન મળી હતી, જેમાં SBI બેંક દ્વારા રૂપિયા ૩ લાખની સબસિડી પણ પ્રાપ્ત થઈ છે. આ ઉપરાંત, બાગાયત વિભાગ દ્વારા ૫ પેટીઓ પર ૫૦ ટકા સબસિડીનો લાભ મળ્યો છે, જેણે તેમને આધુનિક મધમાખી પાલન માટે સક્ષમ બનાવ્યા છે. આજે ભરતભાઈ વાર્ષિક ૫ થી ૭ ટન શુદ્ધ મધનું ઉત્પાદન કરી રહ્યા છે. ભરતભાઈએ ભવિષ્યમાં આ જ મધમાંથી 'આમળા કેન્ડી 'બનાવવાનો પ્રોજેક્ટ શરૂ કરી પોતાના વ્યવસાયમાં વધુ મૂલ્યવર્ધન કરવાનું આયોજન પણ વિચાર્યું છે. મધમાખીઓ દ્વારા થતા કુદરતી પરાગનયનને કારણે આજુબાજુના એક કિલોમીટરના વિસ્તારમાં ખેત-ઉત્પાદનમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. આ ચમત્કારિક પરિણામ જોઈને હવે અન્ય ખેડૂતો પણ સામે ચાલીને ભરતભાઈને પોતાના ખેતરમાં પેટીઓ મૂકવા આમંત્રણ આપે છે. ભરતભાઈનું શુદ્ધ ફિલ્ટરિંગ ધરાવતું મધ FSSAI પ્રમાણિત હોવાથી, આજે અમદાવાદ, મોરબી, સુરેન્દ્રનગર, હળવદ અને ધ્રાંગધ્રા જેવા વિસ્તારોમાં તેમની પ્રોડક્ટ્સે ગ્રાહકોનો અતૂટ વિશ્વાસ જીતી લીધો છે. ભરતભાઈનો મધમાખી ઉછેર વ્યવસાય માત્ર તેમના પૂરતો સીમિત નથી, તે અન્ય પરિવારો માટે પણ આજીવિકાનું સાધન બન્યો છે. 'શ્રી રામરસ હની' સાથે સંકળાયેલા ગાંજણવાવના જ દક્ષાબેન દીક્ષિતકુમાર જણાવે છે કે, તેઓ ફાર્મ પરથી સીધું મધ એકઠું કરી, તેને ખાદીના કપડાંથી કુદરતી રીતે ફિલ્ટર કરીને તેનું હાઈજીનિક બોટલિંગ કરે છે; જેનું 'સરસ મેળા' જેવા સરકારી પ્રદર્શનોમાં ભાગ લઈ વેચાણ પણ કરે છે. આ ઉપરાંત બિહારથી આવેલા શ્રમિક રોશન કુમાર અને તેમના અન્ય ત્રણ-ચાર સાથીઓ પણ અહીં કામ કરે છે. રોશન કુમાર આ અંગે હર્ષભેર જણાવે છે કે, યોગ્ય મહેનતાણું અને કામના સારા વાતાવરણને લીધે તેઓ અને તેમનો પરિવાર આજે આત્મનિર્ભર બની શક્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આધુનિક મધમાખી ઉછેરના પ્રણેતા એવા એન્ટોન જેન્સાના જન્મદિવસની યાદમાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૨૦ મેના દિવસને 'વિશ્વ મધમાખી દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો છે. ઈકોસિસ્ટમમાં મધમાખીઓના અમૂલ્ય યોગદાન અને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી શરૂ થયેલા આ આંતરરાષ્ટ્રીય દિવસની વર્ષ ૨૦૨૬ની થીમ "Bee togher for people and the plan : a partnership that sustains us all" રાખવામાં આવી છે. વર્તમાન સમયમાં પરાગનયન કરતા જીવજંતુઓની સંખ્યા ચિંતાજનક હદે ઘટી રહી છે, ત્યારે પર્યાવરણના સંતુલન માટે આપણે પરાગનયન માટે અનુકૂળ ફૂલોના છોડ રોપવા, ખેતીમાં હાનિકારક રસાયણોનો ઉપયોગ ટાળી ઓર્ગેનિક ખોરાક અપનાવવો અને સ્થાનિક મધ ખરીદીને નાના ખેડૂતોને પ્રોત્સાહન આપવું જોઈએ. આ નાનકડા પ્રયાસો થકી જ આપણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત @ 2047' ના લક્ષ્યાંકને સિદ્ધ કરી શકીશું..

